# પરિમલની મહેક

**ડૉ.દર્શના ધોળકિયા**

કલમ પકડતાં ૧૯૮૯-૯૦નાં વર્ષોની એક સવારના લાલન કૉલેજના ખંડમાં મૂકાઈ જાઉં છું. સામે ભરચક્ક વર્ગખંડ ગુલાબદાસ બ્રોકરની વાર્તા 'ફૂંડી' ભણી રહ્યો છે. વાર્તાપ્રવાહમાં સૌ ચિત્રવત્ બનીને ડૂબી ગયાં છે ને વાર્તા ભણાવવી પૂરી કરું છું ત્યારે વચ્ચેના બાંકડે બેઠેલો એક કુમળી વયનો વિદ્યાર્થી આંખના ખૂણા ચૂપચાપ લૂછી રહ્યો છે ! મારી માંડ કોરી રહેલી આંખને એનો ચેપ લાગું લાગું થાય છે ને હું બહાર નીકળી સ્વસ્થ થવા મથું છું. એ પણ બહાર આવીને મારું મૂક અભિવાદન કરીને, ચાલતો થાય છે. એની ચાલ, એનું આચરણ, એનું શિસ્ત ને એની સમજ મને આકર્ષે છેને બીજે દિવસે એ પ્રભાથી પ્રેરાઈને હું એને પૂછું છું, તમારું નામ ? ક્યાંથી આવો છો? ' કીર્તિ ઠક્કર, ગઢશીશાથી, રમેશભાઈ દવેનો વિદ્યાર્થી છું. કહેતાં એના અંગેઅંગમાંથી ગુરૂ પ્રીતિ, જીવન પ્રીતિ નીતરી રહે છે. ગઢશીશા ને રમેશભાઈના પરસ્પર પર્યાયવાચી નામથી હું જિતાઈ જાઉં છું ને એ ક્ષણથી આજ પર્યંત અમારા અંકોડા ભેરવાઈ જાય છે.

કીર્તિના પરિચયની આ પ્રથમ ક્ષણ મારી સામે એણે પાંચ વર્ષ અભ્યાસ કર્યો ને એનું તારૂણ્ય યુવાનીમાં પ્રવેશ્યું એની હું સાક્ષી રહી. ૧૯૮૫ થી '૯૨ દરમ્યાનનાં વર્ષોમાં એણે ભણતર માટે જાત જોડી દીધી. પિતાનો ખેતીનો વ્યવસાય, બહોળો પરિવાર, ઘરમાં ચાર પેઢી આજ પર્યંત વિદ્યમાન, સૌમાં કીર્તિ નાનેરો ને સમજમાં વડેરો. શિક્ષસોને ચૂપચાપ ચાહે, એની ક્રિયામાં, વર્તનમાં એક ચૂપકીદી, આંખોમાં આદરનો અર્ધ્ય. મને Ph.D.ની ઉપાધિ મળી ત્યારે ખાસ્સો લાંબો પત્ર તેણે મને લખેલો, ને તે પછી પત્રોની હારમાળા રચાતી રહી, જેમાં એના વિચારો, સંવેદનો ઠલવાતાં રહ્યાં.

ઘરની વાડીના મોલ સાથી કીર્તિ સતત ઉછરતો રહ્યો. અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને વ્યવસાયની શોધ આરંભી, જેમાં તેના ગુરૂજન રમેશ દવેનો સક્રિય સાથ રહ્યો. આરંભે માતૃસંસ્થા ગઢશીશામાં જ, રમેશભાઈ પાસે શિક્ષક તરીકેની કીર્તિની કારકીર્દીનો આરંભ થયો, રમેશભાઈએ તેનું હીર બરોબર પારખ્યું. ૧૯૯૬-૯૭ના વર્ષમાં ભાડઈ ગામને અપાર ચાહતાં શ્રી પ્રભાબહેન પોપટ ને અજીતભાઈ શામજી પોપટે રમેશભાઈ દવે પાસે ભાડઈમાં શાળા ખોલવાની અભિલાષા વ્યક્ત કરી. રમેશભાઈએ પોતાનો પૂરો સહકાર આપવાની ખાતરી આપતાં એ શાળામાં આચાર્ય તરીકે કીર્તિ રહે તેવી ઇચ્છા વ્યક્ત કરી ને બંને ટ્રસ્ટીઓએ પ્રેમથી એ સ્વીકારી ને શાળાના દ્વાર ખૂલી ગયાં.

આજે પોતાના ચૌદ વર્ષ પહેલાંના એ ભૂતકાળનું આ સુખદ સંભારણું વાગોળતાં ભીની આંખે કીર્તિ કહે છે 'આરંભે સાવ નાની જગા પર શાળા આરંભાઈ. ગામમાંથી કોઈ વાલી બાળકને શાળામાં મૂકવા તૈયાર ન થાય. શાળાની સામગ્રીમાં પંદર બાંકડા, એક બ્લેક બોર્ડ ! જે બાળકો કુતૂહલવશ આવ્યાં એને ક, ખ નુંય ભાન નહીં !' ત્યારે કલ્પનાશીલ કીર્તિએ વળી શકે એવા વાયરની મદદથી બાળકોને વર્ણાક્ષર બનાવવાની રમત માંડી, રામનારાયણ પાઠકનું 'પ્રથમ પ્રણામ મારા' કાવ્ય ભણાવીને બાળકોમાં જીવનમૂલ્યોનું સિંચન કરતા સંસ્કાર રેડ્યા.

ધર્મશાળાની જગામાં આરંભાયેલી આ શાળામાં કીર્તિના અપાર પ્રયત્નોને મૂક નિષ્ઠાથી વિદ્યાર્થીઓની સંખ્યા ક્રમશઃ વૃદ્ધિગત થતી રહી ને બરોબર ગોઠવાઈ ત્યાં દુષ્કર ભૂકંપે એ શાળાના પાયા ધ્રુજાવીને તેને ધ્વસ્ત કરી નાખી. એ દિવસોમાં પડેલી શાળાના ઓટલે બેસીને ધીરજપૂર્વક વિદ્યાર્થીઓને વિદ્યોપાસના કરાવતા કીર્તિને વડોદરાથી ભૂકંપગ્રસ્ત કચ્છની મુલાકાતે નીકળેલા વડોદરાની ઍલેમ્બિક સ્કૂલના નિલેશ ત્રિવેદી ને નીતિન પટેલે જોઈ લીધો ને વડોદરા જઈને શાળાને કૉમ્પ્યુટરની અમૂલ્ય ભેટ રવાના કરી. એ દિવસોમાં 'સંદેશ દૈનિક'માં 'લીમડાની એક ડાળ મીઠી'માં કીર્તિનું નામ સ્વર્ણાક્ષરે લખાયું.

ભૂકંપ દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓમાં યાચકવૃત્તિ દાખલ ન થાય ને તેઓ હિંમત ન હારે તે માટે કીર્તિએ પ્રદર્શનો ભર્યાં, કાર્યક્રમો કર્યા ને વિદ્યાર્થીઓને એ સમયના વિષમ વાતાવરણથી દૂર રાખીને તેમને બચાવ્યા.

કીર્તિની સુવાસ ને નિષ્ઠાના બળે અમીલ સંસ્થાએ શાળાનું નવું મકાન બાંધી આપવા દાર હાથે સહાય કરી ને આજની 'ભાડઈ માધ્યમિક શાળા' (ભામાશા) માંડવી, ગઢશીશા માર્ગ પર ખોખારો ખાતી ઉભી છે.

માંડવી તાલુકાના અંતરઈયાળ વિસ્તારની આ નાનકડી શાળામાં ૧૩,૦૦૦ પુસ્તકો છે. વિવિધ વિષયોના પ્રદર્શનને વ્યક્ત કરતો અલગ ખંડ છે, કૉમ્પ્યુટઓ છે, કાર્યક્રમો માટે વિશાળ ખંડ છે. કીર્તિ પાસે તૈયાર થયેલા શિક્ષકો છે ને એ બધાંની ઉપર આચરણથી સિદઘિ થયેલા આચાર્ય કીર્તિ ઠક્કર છે. ૨૦૦૮માં આ શાળાને શ્રેષ્ઠ શાળાનો એવૉર્ડ મળ્યો છે. 'વાંચે ગુજરાત' અંતર્ગત આ શાળાની વિદ્યાર્થીનીએ રાજ્યકક્ષાએ ભાગ લીધો છે. રેતશિલ્પની હરિફાઈમાં શાળાએ નંબર મેળવ્યો છે. રાજ્ય કક્ષાએ વિજ્ઞાનમેળામાં બે વાર ભાગ લીધો છે. આવું તો કંઈ કેટલુંય ભામાશાની સંપત્તિ પેટે જમા થયું છે જેની પાછળ રહેલી કીર્તિની સાધના નીરવ રહીને ધૂણી ધખાવતી રેહે છે.

આટઆટલી યાત્રા પછીય શાળાના સૌ મુલાકાતીઓની દંગ રહી જતી મુદ્રાને હળવી કરતાં કીર્તિ આ ઘટનાઓની પાછળ એના ગુરૂજનો ને કુદરતનો હાથ ને સાથ જુએ છે. એ સૌ સમક્ષ પોતાની ખુરશી પર આસનસ્થ થવાનું ટાળે છે.

વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ, મહેમાનોની વચ્ચેય મુલાકાત લેવા વડીલોની ચરણરજ લેતાં ઊંચકાય છે.

ચોખ્ખીચણક શાળા, મૂલ્યવાન વિચારોથી ચકમકતી એ શાળાની ભીંતો, શાળાની બહાર ગોઠવાયેલાં, હારબંધ પડેલાં વિદ્યાર્થીઓનાં પગરખાં, અગરબત્તીથી મહેકતો આચાર્યખંડ, પાઠ્યપુસ્તક સાથે એકરૂપ થયેલા શિક્ષકો ને વિદ્યાર્થીઓથી આંખને ભરી દેતી ભામાશાને જોઈને દેવી સરસ્વતી આજના આ વિષમ કાળમાંય નિશ્ચિંતતાથી સંતોષનો શ્વાસ લે છે.

---

થોડા વર્ષો પહેલાંની મારી લેખ શ્રેણી 'ઓટલા દાવ' મારા કેટલાક પ્રિય વિદ્યાર્થીઓની યાદને તાજી કરતા લેખો પૈકીનો શ્રી કીર્તિ ઠક્કર પરનો લેખ. શ્રી કીર્તિ ઠક્કર હાલે ભાડઈ માધ્યમિક શાળા' (ભામાશા) માંડવીના આચાર્ય તરીકે તેમની શિક્ષણ પ્રવૃત્તિઓના પર્યોગો કરી રહ્યા છે. શ્રી . શ્રી કીર્તિ ઠક્કરની શિક્ષણ જગતની પ્રવૃત્તિઓની નોંધ ગુજરાત રાજ્ય સરકારશ્રીના ૨૦૧૬નો શ્રેષ્ઠ શિક્ષક તરીકે થયેલ સન્માન સ્વરૂપે લેવાયેલ છે.

---

ડૉ. દર્શના ધોળકિયાનાં સંપર્કસૂત્રઃ

- પત્રવ્યવહારનું સરનામું: ન્યૂ મિન્ટ રોડ, ભુજ (કચ્છ), ભારત ૩૭૦૦૦૧
- ઇ-પત્રવ્યવહારનું સરનામું: dr_dholakia@rediffmail.com